ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



મોકડ્રીલ - આ તસવીરો આતંકવાદી હુમલાની નથી... પરંતુ આતંકવાદી હુમલો થાય ત્યારે સુરક્ષાદળોની કામગીરી કેવી હોઈ શકે, શું હોઈ શકે અને કેવી રીતે આતંકવાદીઓને ઝડપી લેવા જોઈએ તેનું તાદશ્ય રિહર્સલ એટલે, મોકડ્રીલ.... ગાંધીનગર જિલ્લા પોલીસ હેડક્વાર્ટસ ખાતે પોલીસ જવાનોને તાલીમ આપવાના ભાગરૂપે યોજાયેલ મોકડ્રીલમાં આતંકવાદી હુમલાના વિવિધ તબક્કાઓ તાદશ્ય રજૂ કરાયા હતા... આતંકવાદીને કેવી રીતે ઘેરવો જોઈએ... કેવી રીતે નિશાના પર લેવો જોઈએ, પકડવા માટે કેવી તરકીબ કરવી જોઈએ અને સાથો સાથ સમગ્ર સ્થિતિને નિયંત્રણમાં રાખવા કેવા પ્રકારની વ્યુહરચના ઘડવી જોઈએ એનું પ્રેક્ટીકલ દિલધડક નિદર્શન યોજાયું હતું....

# આર ટી ઓ કચેરીમાં મેન પાવર પુરો પાડવા માટે કમિશ્નરને રજુઆત

**વહીવટી કામગીરી વધી પરંતુ સ્ટાફના અભાવે સમસ્યાઓ સર્જાય છે : ત્રણ સિનિયર કલાર્ક અને ૨ જુનિયર કલાર્કને નિમણુંક આપવા આર ટી ઓ અધિકારીની રજુઆત**

ગાંધીનગર તા ૮

ગુજરાતમાં આવકની દ્રષ્ટીએ ગાંધીનગરની આર ટી ઓ કચેરી સાતમા ક્રમે છે. જયારે વાહન -૪ સોફટવેરના રીપોર્ટ પરથી મંજુર મહેકમ કરતા કચેરીમાં મેન પાવર ઓછો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે આર ટી ઓ કચેરીના વહીવટને વિપરિત અસર થઈ રહી છે. જયારે વિવિધ પ્રશ્નો પણ ઉભા થાય છે આ સ્થિતિને નિવારવા માટે આર ટી ઓ કચેરીને ૨ એ આઇ એમ વી ઉપરાંત ત્રણ સિનિયર અને ૨ જુનિયર કલાર્કને નિમણુંક આપવા માટે પણ વાહન વ્યવ્હાર કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વાહન -૪ નો ઉપયોગ કરવામાં આવી રહયો છે. જયારે આ સોફટવેરના ઉપયોગના અંતે કચેરીને લગતા પ્રશ્નો પણ સામે આવ્યા છે. જેમાં આર ટી ઓ કચેરીના કામનુ ભારણ વધ્યુ છે. ત્યારે મંજુર મહેકમ સામે મેન પાવરનો અભાવ છે. આર ટી ઓ કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી કામગીરી વધી છે. જયારે હાઈટેક અને પેપરલેસ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી ટેકનિકલ ખામીઓ સર્જાતા સર્વર ડાઉન થવાની સાથે અરજદારોના કમ પણ અટવાતા હોવાનો આક્રોશ પ્રબળ

● અનુસંધાન પાન-૭ પર

# ફી નિયમન અંગે ફરિયાદ મળશે તો શાળાની માન્યતા પણ રદ થશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં ફી નિયમન અંગેના નિયમોનો અમલ નહીં કરવા બદલ શાળા સંચાલકો પાસેથી આકરો દંડ વસુલવામાં આવશે. જયારે ત્રીજી વખત ફરિયાદ મળશે તો શાળાની માન્યતા રદ કરવા સુધીના આકરા પગલા લેવાશે. આજે જિલ્લા શિક્ષણાધિકારી અને

**પ્રથમ બે ફરિયાદ અન્વયે રૂ ૫ થી ૧૦ લાખનો દંડ વસુલાશે**

શાળા સંચાલકો વચ્ચે બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા મહત્વની સુચનાઓ પણ સંચાલકોને આપવામાં આવી હતી. શાળામાં ફી ના દર પણ નોટીસ બોર્ડ પર મુકવાના રહેશે તેમ પણ જણાંવાયુ છે.

શાળાઓમાં ફી નિયમન અંગે યોગ્ય અમલ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીએ જિલ્લાની સેલ્ફ ફાઈનાન્સ શાળાના સંચાલકોની બેઠકનુ આયોજન કર્યુ હતુ . બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી બારડે શાળા સંચાલકોને જરૂરી સુચનાઓ આપી હતી. જિલ્લા શિક્ષણતંત્ર ફી નિયમન

● અનુસંધાન પાન-૭ પર

## ફી નિયમન અંગેની નોટીસ ચિપકાવી ડીઈઓ કચેરીને પણ મોકલવો પડશે

ગાંધીનગર તા ૮

શાળાઓએ ફી નિયમનને ધ્યાને લઈ શાળા કક્ષાએ નોટીસ બોર્ડમાં જરૂરી નોટીસ પણ મુકવાની રહેશે. શાળા ફી બાબતે આ અગત્યની સુચના અન્વયે શાળાઓએ જરૂરી બાબતોનો ઉલ્લેખ કરી નોટીસ બાર્ડ પર સુચના ચિપકાવાની રહેશે. જેમાં શાળાએ ફી નિયમન સમિતિ સમક્ષ પોતાની એફિડેવિટ રજુ કરેલી છે કે નહી તે અંગે પણ જાણકારી આપવાની રહેશે જયારે નિર્ધારિત ફી અંગેના આદેશોના અંતે શાળા કક્ષાએ વધુ ફી વસુલવામાં આવી હશે તો તે પણ પરત આપવાની બાહેંધારી આપવાની રહેશે. આ ઉપરાંત ફી અધિનિયમની કલમ ૨ જી મુજબ એક માસની શિક્ષણ ફી થી વધુ વસુલવામાં આવી હશે તો તે પણ શાળા સરભર કરવા પરત કરવા માટે બાહેંધરી આપે છે. તેવો પણ ઉલ્લેખ કરવાનો રહેશે. જયારે આ નોટીસનો ફોટો પણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ મોકલી આપવાનો રહેશે.

# પાંચ સનદી અધિકરીઓને અધિક મુખ્ય સચિવ પદે બઢતી

ગાંધીનગર, તા.૮

ગુજરાત કેડરના પાંચ આઈએએસ ઓફિસરોને અધિક મુખ્ય સચિવ તરીકેના પ્રમોશન આપવામાં આવ્યા છે. આ ઓફિસરો હાલ અગ્ર સચિવ તરીકે કામ કરી રહ્યાં છે. ઘણાં સમયથી પ્રમોશનની ફાઈલ પેન્ડીંગ હતી પરંતુ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેને ક્લિયર કરી છે.

આ તમામ ઓફિસરો ૧૯૮૬ બેચના છે. સંજયપ્રસાદ કે જેઓ કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવ છે તેમને આ જ વિભાગમાં અધિક મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા છે. રેવન્યુ વિભાગના પંકજકુમારને પણ અધિક મુખ્ય સચિવ તરીકેનું પ્રમોશન આપવામાં આવ્યું છે.

એવી જ રીતે આ જ બેચના ગુજરાત કેડરના અન્ય ઓફિસરોમાં વિપુલ મિત્રા કે જેઓ ટ્રાન્સપોર્ટ વિભાગના અગ્રસચિવ છે, રાજીવ ગુપ્તા કે જેઓ શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવ છે તેમજ પી.ડી.વાઘેલા કે જેઓ રાજ્ય સરકારના ટેક્સ વિભાગના કમિશનર છે તેમને અધિક મુખ્ય સચિવના પ્રમોશન આપવામાં આવ્યા છે.

બીજી તરફ બે આઈએએસ ઓફિસરોની બદલી કરવામાં આવી છે જેમાં આર.જે.માંકડિયા કે જેઓ બનાસકાંઠા કલેક્ટર છે તેમને ટ્રાઈબલ ડેવલપમેન્ટ કમિશનર બનાવવામાં આવ્યા છે જ્યારે તેમની જગ્યાએ દિલીપકુમાર રાણાને મૂકવામાં આવ્યા છે. આ બન્ને બદલીઓ અરસપરસ છે.

# મનપા આજીવિકા મિશન અંતર્ગત લારી ગલ્લા ધારકોને જગ્યા ફાળવશે

**સ્વચ્છતા માટે ૩૨.૭૫ લાખના ખર્ચે ત્રણ ગાર્બેજ મશીન ખરીદવામાં આવશે : શહેરી વિસ્તારના ગામોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે ૧૦ હજાર ડસ્ટબીન અપાશે**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર કોર્પોરેશનની આજે સ્થાયી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં શહેરી વિસ્તારમાં લારી ગલ્લા ચલાવતા સ્ટ્રીટ વેન્ડરોને જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાયો હતો. આજીવિકા મિશન અન્વયે સ્ટ્રીટ વેન્ડર સ્કીમને મંજુરી આપવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે સર્વેના અંતે ધ્યાને આવેલા આંકડા મુજબ અઢી હજાર સ્ટ્રીટ વેન્ડરોને જગ્યા ફાળવવામાં આવશે આ ઉપરાંત બેઠક દરમિયાન ૩૨.૭૫ લાખના ખર્ચે ત્રણ ગાર્બેજ કોમ્પેક્ટર વાહનો ખરીદવા માટે પણ મંજુરી આપવામાં આવી છે.

ગાંધીનગરના અસ્તિત્વકાળથી શહેરમાં દબાણની સમસ્યા ઉદભવી છે. જયારે હાલની સ્થિતિએ પણ દબાણની સમસ્યા જટીલ બની છે. નગરના જાહેર સ્થળો પર અડીંગો જમાવતા લારી ગલ્લાના દબાણો દુર કરવાની ઝુંબેશ પણ નાટકીય પુરવાર થઈ છે. ત્યારે સ્માર્ટ સિટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં દબાણોને ડામવાનુ કામ કપરુ બન્યુ છે. પરંતુ કોર્પોરેશન કક્ષાએથી દિનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત શેરી ફેરિયાઓ માટે સ્ટ્રીટ વેન્ડરની યોજનાને મંજુરી આપવામાં આવી છે. જયારે આજે મળેલી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આ મુદ્દાને મંજુરી આપવામાં આવી હતી.ગાંધીનગરમાં નાનો મોટો ધંધો કરતા અઢી હજાર જેટલા ફેરિયાઓને સવારથી સાંજ સુધી જગ્યા ફાળવવામાં આવશે. જે તે સેકટરોમા જગ્યા ફાળવવાનો પણ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત બેઠક દરમિયાન સ્વચ્છતા અંતર્ગત ૩૨.૭૫ લાખના ત્રણ ગાર્બેજ કોમ્પેકટર વાહનો ખરીદવાનુ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ. જયારે શહેરી વિસ્તાર ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગામોમાં પણ વાદળી અને લીલા રંગના ડસ્ટબીન આપવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જેમાં મેયરની ગ્રાન્ટમાંથી ૯૬ રૂપિયાની એક એમ ૨૦ હજાર ડસ્ટબીન ખરીદવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ.



શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવાના અભિયાન અન્વયે હાલ ઉતરાયણના પર્વને ધ્યાને લઈ પ્લાસ્ટીના પતંગ તેમજ ચાઈનીઝ દોરી પકડવા માટે તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. આ અન્વયે શહેરના પતંગ બજારમાંથી મનપાના ફાયર ઓફિસર મહેશ મોડની ટીમે પ્લાસ્ટીકના ૪૫૦ નંગ પતંગ તેમજ પાંચ હજાર ચા પીવાના કપ અને ૧૦૫ કીલો દોરી રંગવાનો પાવડરનો જથ્થો કબજે લીધો હતો. આ ઉપરાંત દોરી રંગવાના ચરખા પણ કબજે કર્યા હતા.

# ઉતરાયણ બાદ નગરસેવકો પ્રજાના પૈસે નૈનિતાલમાં મોજ કરશે !!

**દિલ્હીમાં એક દિવસના તાલીમ કોર્ષના નામે હવાઇ સફર સાથે નૈનિતાલનો પ્રવાસ ગોઠવાયો**

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના નગરસેવકો અન્ય શહેરના કોર્પોરેશનની પ્રવૃતિઓ જાણી અપગ્રેડ થઈ શકે તો માટે ખાસ બજેટ પણ ફાળવવામાં આવે છે. જે અન્વયે ચાલુ વર્ષના બજેટમાં રૂ ૧૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. જો કે આ બજેટનો લાભ લેવા માટે દિલ્હી ખાતે તાલીમ કોર્ષના નામે કોર્પોરેટરો નૈનિતાલ હવાઈ મુસાફરી કરશે તેમ પણ મનાઈ રહયુ છે. જો કે આગામી ઉતરાયણના અંતે કેટલા કોર્પોરેટરો આ પ્રવાસમાં સામેલ થશે તે નક્કી નથી.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ કરવેરો ઉઘરાવવા સિવાય હજુ પ્રજાલક્ષી કોઈ કામો ન થતા હોવાનો આક્રોશ દિનપ્રતિદિન પ્રબળ બની રહયો છે. ત્યારે પ્રજાના ટેકસના પૈસાનો પણ

● અનુસંધાન પાન-૭ પર

# કાતિલ ઠંડીમાં ગાંધીનગર થથરે છે

**ઠંડા પવનોએ શહેરને બાનમાં લીધુ : લઘુત્તમ તાપમાન ૯.૫ ડિ.સે. પહોંચતા જનજીવન પર ભારે અસર**

ગાંધીનગર, તા. ૮

છેલ્લા પાંચ દિવસથી ગાંધીનગરમાં ઠંડીનો પ્રકોપ વધી રહ્યો છે. ઠંડીના કારણે શહેરીજનોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે. રવિવારે રાત્રે લઘુત્તમ તાપમાન ૯.૫ ડિ.સે. નોંધાયુ હતુ.

લેહ-લદાખમાં માઈનસ ત્રીસ ડીગ્રી તાપમાન નોંધાયુ છે. જેના કારણે જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારતમાં ભારે ઠંડી પડી રહી છે. આ શીત લહેરની અસર ઉત્તર ગુજરાતમાં સીધી જ જોવા મળી રહી છે. અહીંના વિવિધ વિસ્તારોમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો ભારે પ્રકોપ જોવા મળી રહ્યો છે. ઠંડા પવનોએ ગાંધીનગરને રીતસર બાનમાં લીધુ છે. આખો દિવસ ખુબ જ ઠંડા પવનો ફુંકાતા ગરમ વસ્ત્રોમાં



લપેટાયેલા જ રહેવુ પડે છે. સવારે સાત વાગે સૂર્યોદય થઈ જાય છે તેમ છતાં વસાહતીઓ ઘરની બહાર નીકળવાનુ પસંદ કરતા નથી. નવ વાગ્યા પછી જ ઠંડીમાં સહેજ ઘટાડો થતાં સેક્ટરોમાં ચહલપહલ જોવા મળે છે. તો સાંજે ચાર વાગ્યા પછી ઠંડીનો માહોલ જામે છે. સાંજે તો સેક્ટરોના આંતરિક માર્ગો એકદમ સુમસામ બની જાય છે. વસાહતીઓની અવરજવર ઓછી થતાં શોપીંગ સેન્ટરો વહેલા બંધ થઈ જાય છે. વેપારીઓ ઘરાકી ઓછી થતાં ધંધો આટોપી વહેલા ઘર ભેગા થઈ જાય છે.

ઠંડીનો પ્રકોપ વધતા ગરમ વસ્ત્રોનું વેચાણ એકાએક જ વધી ગયુ છે. અત્યાર સુધી એકલ દોકલ ઘરાકોની અવરજવર રહેતી હતી તેવા તબેટીયન માર્કેટમાં ઘરાકી જામી છે. વસાહતીઓ કોટ, સ્વેટર, ટોપી, મોજા, શાલ સહિતના વિવિધ વસ્ત્રો ખરીદી રહ્યા છે. ગરમ વસ્ત્રોની સાથે જ વસાણાંઓનું વેચાણ પણ વધી ગયુ છે. ગુંદર પાક, મેથીપાક અને સાલમપાક જેવા વસાણા ખરીદવા માટે ફરસાણની દુકાનો પર ભારે ભીડ જામે છે. તો ખુલ્લામાં રહેતા પરિવારો કોલસા અને લાકડા સળગાવી ઠંડીથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. આકરી ઠંડીની સીધી અસર સ્કૂલ અને કચેરીઓમાં હાજરી પર જોવા મળી રહી છે. આગામી દિવસોમાં હજુ ઠંડી પડી શકે છે તેવી આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com